**GUJARAT BILL NO. 21 OF 2023.**

# THE CHILDREN'S UNIVERSITY (AMENDMENT) BILL, 2023.

## *A BILL*

*further to amend the Children's University Act, 2009.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૧.**

## બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક, ૨૦૨૩.

### બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે.

સન ૨૦૦૯નો ગુજરાતનો ૧૫-મો.

સન ૨૦૦૯ના ગુજરાતના ૧૫-મા અધિનિયમના દીર્ઘ શીર્ષકનો સુધારો.

૨. બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, દીર્ઘ શીર્ષકમાં, ''બાળ વિશ્વવિદ્યાલય'' એ શબ્દોને બદલે, ''બાળ સંશોધન વિશ્વવિદ્યાલય'' એ શબ્દો મૂકવા.

સન ૨૦૦૯ના ગુજરાતના ૧૫-મા અધિનિયમની કલમ ૧નો સુધારો.

3. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧માં, પેટા-કલમ (૧)માં, ''બાળ વિશ્વવિદ્યાલય'' એ શબ્દોને બદલે, ''બાળ સંશોધન વિશ્વવિદ્યાલય'' એ શબ્દો મૂકવા.

સન ૨૦૦૯ના ગુજરાતના ૧૫-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨-માં, ખંડ (દ)માં, "બાળ વિશ્વવિદ્યાલય" એ શબ્દોને બદલે, "બાળ સંશોધન વિશ્વવિદ્યાલય" એ શબ્દો મૂકવા.

સન ૨૦૦૯ના ગુજરાતના ૧૫-મા અધિનિયમની કલમ ૩-નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં, -

(૧) પેટા-કલમ (૧)માં, "બાળ વિશ્વવિદ્યાલય" એ શબ્દોને બદલે, "બાળ સંશોધન વિશ્વવિદ્યાલય" એ શબ્દો મૂકવા;

(૨) પેટા-કલમ (૨)માં, "બાળ વિશ્વવિદ્યાલય" એ શબ્દોને બદલે, "બાળ સંશોધન વિશ્વવિદ્યાલય" એ શબ્દો મૂકવા.

સન ૨૦૦૯ના ગુજરાતના ૧૫-મા અધિનિયમની કલમ ૬-નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-માં,-

(૧) ખંડ (૫)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

''(૫) વિદ્યમાન શાળાઓ અને સંશોધન સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી;'';

(૨) ખંડ ૧૭માં, "બાળ વિશ્વવિદ્યાલય" એ શબ્દોને બદલે, "બાળ સંશોધન વિશ્વવિદ્યાલય" એ શબ્દો મૂકવા.

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, રાજ્યમાં બાળ વિશ્વવિદ્યાલયની સ્થાપના માટે જોગવાઈ કરવા બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૧૫મો) અધિનિયમિત કર્યો છે, જેથી કરીને બાળકોના શિક્ષણ અને પ્રગતિશીલ સંશોધનને પ્રોત્સાહન આપી શકાય અને અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેમના કાર્યોનું નિયમન કરી શકાય.

વિશ્વવિદ્યાલયના મૂળભૂત ધ્યેયને સિદ્ધ કરવા માટે અને સંશોધન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે, વિશ્વવિદ્યાલયનું નામ "બાળ વિશ્વવિદ્યાલય" થી બદલીને "બાળ સંશોધન વિશ્વવિદ્યાલય" કરવું જરૂરી છે. યુનિવર્સિટીનું નામ બદલવાનું સૂચિત કર્યું હોવાથી, સદરહુ અધિનિયમની કલમો ૨, ૩ અને ૬માં અમુક અનુવર્તી સુધારા પણ સૂચિત કરવામાં આવ્યા છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ: ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૩.      ઋષિકેશ પટેલ.

# પુરવણી

## બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯ના ૧૫-મા)-માંથી ઉતારા

---

સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શોના સામંજસ્યપૂર્ણ નૂતન વિશ્વના નિર્માણની સમકાલીન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આવશ્યકતાઓને ધ્યાનમાં લઈને બાળ શિક્ષણના ઉત્તેજન માટે અને બાળ શિક્ષણ સંબંધી વિકાસશીલ સંશોધન અને શૈક્ષણિક કેન્દ્રોની સ્થાપના, સંચાલન અને ઉત્તેજનના હેતુથી અને આજના અને આવતી કાલના બાળકોની ઉચ્ચ કક્ષાની કાળજી, શિક્ષણ અને આરોગ્યનું જતન કરે તેવી તાલીમ અને વિસ્તરણ સેવાઓની સ્થાપના, સંચાલન અને ઉત્તેજન માટે પણ બાળ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનો અધિનિયમ. દીર્ઘ શીર્ષક

૧. (૧) આ અધિનિયમ બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ કહેવાશે.

(૨) થી (૩) XXX XXX XXX ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,- વ્યાખ્યા.

ખંડો (ક) થી (થ) XXX XXX XXX

(દ) "વિશ્વવિદ્યાલય" એટલે કલમ ૩ હેઠળ સ્થપાયેલું અને સંસ્થાપિત થયેલું બાળ વિશ્વવિદ્યાલય;

3. (૧) "બાળ વિશ્વવિદ્યાલય" એ નામનું વિશ્વવિદ્યાલય સ્થાપવામાં આવશે અને સંસ્થાપિત કરવામાં આવશે. વિશ્વવિદ્યાલયની સ્થાપના અને સંસ્થાપન.

(૨) વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ, કુલપતિ, મહાનિયામક અને જનરલ કાઉન્સિલ, ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલના સભ્યો, સહાયક મહાનિયામક, રજિસ્ટ્રાર અને હવે પછી એવા અધિકારીઓ બને તેવી તમામ બીજી વ્યક્તિઓ, એવો હોદ્દો અથવા સભ્યપદ ધારણ કરવાનું ચાલુ રાખે ત્યાં સુધી, આથી, ''બાળ વિશ્વવિદ્યાલય'' નામનું સંસ્થાપિત મંડળ રચે છે''.

(૩) અને (૪) XXX XXX XXX

વિશ્વવિદ્યાલયની સત્તા અને કાર્યો.

૬. વિશ્વવિદ્યાલયની સત્તા અને કાર્યો નીચે પ્રમાણે રહેશે :-

(૧) થી (૪) XXX XXX XXX

(૫) ગુજરાત રાજયમાં ભવનો અથવા સંસ્થાઓને માન્યતા, જોડાણ અને મંજૂરી આપવી;

(૬) થી (૧૬) XXX XXX XXX

(૧૭) વિદ્યા નિકેતન શાળાઓમાં અને જોડાણ પામેલી, માન્યતા પ્રાપ્ત અને મંજૂર થયેલી શાળાઓમાં શિક્ષણના કાર્યમાં રોકાયેલા હોય તેવા શિક્ષકોને તાલીમ આપવાના હેતુ માટેના કાર્યક્રમો હાથ ધરવા, તેનું આયોજન અને સંચાલન કરવું અને બાળ વિશ્વવિદ્યાલયની તત્ત્વમીમાંસાના પરિચયનો સામાન્ય કાર્યક્રમ આપીને બાળકેન્દ્રી સર્વાંગી શિક્ષણની તત્ત્વમીમાંસાનો પરિચય આપવો તેમજ તેમને ભારતીય સંસ્કૃતિ, તેની અંતર્ગત આધ્યાત્મિકતા, સુદૃઢ બુદ્ધિમતાના અને અખૂટ જીવનશક્તિના વિશેષ સંદર્ભમાં ઈતિહાસના પાઠ સંબંધી પ્રારંભિક અભ્યાસક્રમોની તેમજ નીચેની બાબતોની પણ જોગવાઈ કરવીઃ-

(૧) પોષણ, શારીરિક તંદુરસ્તીનો અને પ્રારંભિક બાલ્યાવસ્થાની કોમળ શક્તિઓનો વિકાસ થાય તેવા વિશેષિત અભ્યાસક્રમો;

(૨) શિશુશિક્ષણ, બાળશિક્ષણ આપતી શાળા(કિન્ટરગાર્ડન), આંગણવાડી, પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ જેવા શિક્ષણના જુદા જુદા તબકકાને લગતા શૈક્ષણિક કાર્યક્રમોમાં નવા પથ,

(૩) લલિતકલા, હસ્તકલા, વ્યાવસાયિક અભ્યાસક્રમો, શારીરિક શિક્ષણ, રુચિ વિકાસ, કઠપૂતળી, બાળનાટય, બાળકવિતાઓ, બાળવાર્તાઓ, બાળસંગીત, બાળનૃત્ય, બાળવિકાસ વગેરેના નૂતન પથનો આવિર્ભાવ કરતા શિક્ષણશાસ્ત્રમાં નવી કેડી કંડારવી;

(૪) આંગણવાડી કાર્યકરો તરીકે સેવા માટે લાયકાત મેળવવા ઇચ્છતા ઉમેદવારો માટે સેવા અંતર્ગત તાલીમ કાર્યક્રમો;

(૧૮) થી (૩૯) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૧.]

બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી રૂષિકેશ પટેલ,

શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૩-ના સપ્ટેમ્બર મહિનાની ૧૧મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.